ગાંધીનગર સમાચાર

રવિવારે શહેરમાં
'સાયકલ મહાયાત્રા' યોજાશે

@ગાંધીનગર

● ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા શિક્ષણ અને ધંધાકીય સીધા ધિરાણની વિવિધ યોજનાઓના ચેક વિતરણ સમારોહ સવારે ૧૧ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

# સિવિલમાં બે દિવસમાં ડેન્ગ્યુના ૬ કેસ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે દિવસમાં ડેન્ગ્યુના ૬ કેસ નોંધાયા છે. ગાંધીનગર જિલ્લાના ગામોમાં હજુ પણ ડેન્ગ્યુનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુને કાબુમાં કરવા મથામણ ચાલી રહી છે. શહેરમાં બેવડી ઋતુના પગલે નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે. જયારે ડેન્ગ્યુની સાથો સાથ મેલેરીયા, ટાઈફોઈડ, કમળા, તાવ અને અંગ જકડાઈ જવાના કિસ્સા પણ પ્રકાશમાં આવી રહ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અત્યારે હાલના સમયે દર્દીઓથી ઉભરાઈ રહી છે. ઓપીડી બિલ્ડીંગમાં દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. જયારે શહેરમાં રાત્રીના સમયે ખાનગી દવાખાના પણ મોડીરાત સુધી ધમધમી રહ્યા છે. ડેન્ગ્યુના કેસ સામે આવતા તંત્ર દ્વારા જે તે વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહી છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન રિસર્ચ એન્ડ સોસાયટી




દ્વાર સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. શિયાળાની સિઝન શરુ થઈ છે. પરંતુ શહેરના વાતાવરણમાં બેવડી ઋતુનો અનુભવ નાગરીકો કરી રહ્યા છે. ત્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ડેન્ગ્યુએ આતંક મચાવ્યો હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લામાં તા.૧૪ અને ૧૫માં માત્ર ડેન્ગ્યુના ૬ કેસ બહાર આવતા આરોગ્ય વિભાગ પણ ચિંતિત નજરે પડી રહ્યુ છે. ડેન્ગ્યુના દર્દીના ઘરની આસપાસના વિસ્તારમાં આરોગ્ય તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી શરુ કરી દેવામાં આવી છે. ચાલુ વર્ષે ડેન્ગ્યુ, કમળો, ટાઈફોઈડ, મેલેરીયા સહિતના દર્દીઓ નોંધાયા છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ માંથુ ઉંચક્યુ છે. ગાંધીનગર હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. નગરની હોસ્પિટલ તેમજ ખાનગી દવાખાનામાં મોડીરાત સુધી દર્દીઓની લાંબી કતારો લાગેલી હોય છે. ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા સતત વાહકજન્ય અને મચ્છરજન્ય રોગચાળાને કાબુમાં કરવા મથામણ કરી રહ્યા હોય તેવુ લાગી રહ્યું છે.

## ૨૪મી સુધી બીએસએનએલ ગ્રાહકો જુની નોટથી બીલ ભરી શકશે

ગાંધીનગર, તા.૧૬

દેશભરનાં બીએસએનએલના ટેલિફોન ગ્રાહકો તેમના વર્તમાન તથા જૂના ટેલિફોન બિલની રકમ જુની રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ દ્વારા તારીખ ૨૪-૧૧-૨૦૧૬ સુધી ભરી શકશે. આ અન્વયે બીએસએનએલના ગ્રાહકો તેમના વર્તમાન તથા જૂના લેન્ડલાઈન ટેલિફોન અને પોસ્ટપેઈડ મોબાઈલના બિલ ગ્રાહક સેવા કેન્દ્ર પર તારીખ ૨૪-૧૧-૨૦૧૬ સુધી ભરી શકશે. બીએસએનએલના બિલ ભુગતાન કેન્દ્ર રજાના દિવસે રવિવારે તા. ૨૦-૧૧-૨૦૧૬ના રોજ ખુલ્લા રહેશે. જુની રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટથી બીએસએનએલ ટેલિફોન બિલના બાકી નીકળતા નાણાં ભરવાનો મોકો ગ્રાહકોને મળેલ છે. હાલના વર્તમાન બિલ જે ભરવાની છેલ્લી તારીખ ૨૮-૧૧-૨૦૧૬ છે તે પણ જૂની નોટો દ્વારા તા. ૨૪-૧૧-૨૦૧૬ સુધી ભરી શકાશે. જે ગ્રાહકોને ગત માસનું બિલ નથી મળેલ તે પણ બિલની રકમનું ભૂગતાન કરી શકશે.





ગાંધીનગર -અમદાવાદ માર્ગ પર આવેલ કોબા ગામ ખાતે ગામની પ્રાથમિક શાળામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત દાતા તરફથી ગ્રામપંચાયતને ગામમાંથી ઘરે ઘરેથી કચરો એકત્ર કરી નિકાલ કરવાનું વાહન છોટાહાથીનું લોકાર્પણ વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના હસ્તે કરવામાં આવ્યું હતું. કોબા ગ્રામ પંચાયત હસ્તકના નવા કોબા તથા જુના કોબા પ્રાથમિક શાળામાં મનોરમ્ય સોસાયટીના સભાસદો દ્વારા ૬ નંગ કોમ્પ્યુટર તથા પ્રિન્ટર પ્રાથમિક શાળાના બાળકોને ભેટ આપવામાં આવ્યા છે. કોબા ગામે પંચાયત દ્વારા સીસીટીવી કેમેરા પણ નાંખવામાં આવ્યા હતા. જેનું લોકાર્પણ સરપંચ યોગેશ નાયી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોબા ગ્રામજનોના સહકારથી કોબા ગામમાં ગુડા દ્વારા એલ.ઈ.ડી. લાઈટ, પાકા રસ્તા અને ગંદા પાણીના નિકાલ માટેની ગટર લાઈનનું સુવિધા મળી રહે તે માટે કાર્યો હાથ ધરવામાં આવ્યા હતા. આ અંગે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર,ભાજપના મહામંત્રી આઈ.બી.વાઘેલા, તાલુકા પંચાયત પ્રમુખ કાળુજી રાઠોડ, તાલુકા પંચાયત ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ, વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ યોજનાની માહિતી ગ્રામજનોને પુરી પાડી હતી. અંતે કાર્યક્રમની આભાર વિધિ ડી.એન.પટેલે કરી હતી. આ લોકાર્પણ વિધીમાં મોટીસંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## ચા બનાવતા દાઝી ગયેલી તારાપુરની મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૬

શહેર નજીક આવેલા તારાપુર ગામમાં રહેતી ૩૨ વર્ષીય પરિણીત મહિલા જયોત્સના મુકેશજી ઠાકોર ગઈ કાલે સવારે સાડા છ વાગ્યે પોતાના ઘરે ચા બનાવી રહી હતી ત્યારે કપડા પર જાર લાગતા ગંભીર રીતે શરીરે દાઝી ગઈ હતી. તાત્કાલિક તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લાવવામાં આવી હતી. જો કે હાલત ગંભીર જણાતા તેણીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર માટે રીફર કરવામાં આવી હતી. સારવાર દરમિયાન મહિલાનું પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું હતું. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પીએસઆઈ મેટલીયાએ વધુ તપાસ શરુ કરી છે.

## ગાંધીનગર વણકર સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

શ્રી ગાંધીનગર વણકર સમાજનો નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહ તાજેતરમાં સેકટર-૨૨ પંચદેવ મંદિરની બાજુમાં આવેલ રંગમંચ ખાતે સવગુણ મંદિર ઝાંઝરકાના ગાદીપતિ અને સંસદ સભ્ય અને મહંત શંભુનાથજી તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી આત્મારામ પરમાર, ધારાસભ્ય મણીભાઈ પરમારના મુખ્ય યજમાન પદે યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સમાજના ભાઈ-બહેનોએ મુખ્ય મહેમાનો ને સમાજનું ભવન ગાંધીનગર શહેરમાં બને તેવી રજુઆત કરી હતી.

ગાંધીનગર વણકર સમાજના સ્નેહ મિલન સમારોહના પ્રારંભે ડો. બાબા સાહેબ આંબેડકર સાહેબ તથા વીરમેઘમાયાની છબીને મહંત શંભુનાથજી તથા મંત્રી આત્મારામ પરમારે તેમજ મંચસ્થ મહાનુભાવોએ ફુલહાર અર્પણ કર્યા હતા. ત્યારબાદ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી એસ.પી.ચાવડા અને હોદેદારોએ મહેમાનોનું શાબ્દિક તેમજ ફુલહારથી સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે ગાદીપતિ મહંત શંભુનાથજીએ આર્શિવચન આપતા જણાવ્યું હતું કે સમાજ સંગઠીત થઈ એકબીજાના સુખ દુખમાં ભાગીદાર બને અને દેશના ઉત્કર્ષમાં સામેલ થાય. જયારે મંત્રી આત્મારામ પરમારે ગાંધીનગર વણકર સમાજની સમાજ ભવન માટેની માંગણી સરકાર હકારાત્મક રીતે વિચારશે તેમ જણાવી સર્વેને નવલાવર્ષની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે સમાજના પ્રમુખ પી.જે.પરમારે સંસ્થાની કામગીરીનો અહેવાલ આપ્યો હતો. જયારે વણકર સમાજ ભવનની માંગણીને સવિસ્તાર અહેવાલ રજુ કરી સમાજની માંગણીને બુલંદ બનાવી આગળ ધપાવાનો નિર્ધાર કર્યો હતો. આ પ્રસંગે નિવૃત આઈપીએસ ડો.રાજન પ્રિયદર્શી, સમાજના દાતા વિનુભાઈ પરમાર,અશ્વિનભાઈ બેંકર, પી.જે.પરમાર, ઉપપ્રમુખ મુળજીભાઈ પરમાર દધિ, મુકેશ ભાખરીયા, બાબુભાઈ પરમાર, પી.જે.સુશીલ, એમ.વી.ડાભી, મહેન્દ્રભાઈ પરમાર સહિત સમાજના ભાઈ બહેનો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન મુળજીભાઈ પરમાર અને દક્ષાબેન પરમારે કર્યું હતું.

# કચરો વિણવા નીકળેલા શખ્સે સે-૨૮માં ઘરફોડ કરી હતી...!

**સે-૧૬માંથી ચોરીના મુદ્દામાલ સાથે આરોપીને દબોચી લીધો**

ગાંધીનગર, તા.૧૬

શહેરના સેક્ટર-૨૮ ખાતે અઠવાડીયા અગાઉ ઘરફોડ ચોરી થઈ હતી. આ ઘરફોડ ચોરી સે-૧૬ ઝાડીઓમાં રહેતા શખ્સે કરી હોવાનું ખુલ્યં છે. કચરો વિણવા ગયો ત્યારે મકાન બંધ જોઈ ઘરફોડ કરવાનું વિચારીને બીજે દિવસે કામ પાર પાડી નાંખ્યું હતું. એલસીબીએ ચોરીના મુદ્દામાલ સાથે તે શખ્સને સે-૧૬માંથી દબોચી લઈ વધુ પુછપરછ શરુ કરી છે.

એલસીબી પીએસઆઈ એચ.કે. સોલંકી તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સે-૧૬ ફુટપાથ તરફથી એક શખ્સ થેલી લઈને શંકાસ્પદ હાલતમાં ભાગવા જતા ટીમના હાથે



પકડાઈ ગયો હતો. તે શખ્સ મુળ પાટણનો અને હાલ સે-૧૬ ઝાડીઓમાં રહેતો વિજય બાબુ દંતાણી હતો. તેની પાસેની કોથળીમાંથી ચાંદીના ત્રણ સિક્કાઓ, બે ગ્લાસ તથા અન્ય ખોટી જ્વેલરી ઉપરાંત બ્લેઝર અને પેન્ટપીસ મળી આવ્યા હતા. આ મામલા અંગે સઘન પુછપરછ કરતાં તેણે ઘરફોડ કરી હોવાની કબુલાત કરી હતી. વિજય રિક્ષા ડ્રાઈવર હતો પરંતુ હમણાંથી ધંધો થતો ન હોવાથી કચરા વિણવા જતો હતો. સે-૨૮માં અઠવાડીયા પહેલા કચરો વિણવા ગયો ત્યારે એક મકાન બંધ હાલતમાં તેના ધ્યાને આવ્યું હતું. બીજે દિવસે તે ઘરને નિશાન બનાવીને મકાનનું તાળુ તોડી ઉપરોક્ત ચીજવસ્તુઓની ચોરી કરી હોવાની કબુલાત તેણે કરી હતી. જેને આધારે એલસીબીની ટીમે તેની ધરપકડ કરી મુદ્દામાલ રીકવર કરી વધુ પુછપરછ શરુ કરી છે. વર્ષ ૨૦૧૩માં આ શખ્સને મોબાઈલના ટાવરની એસી તથા ટ્રકની બેટરી ચોરી કરવાના ગુનામાં પણ ગાંધીનગર પોલીસે પકડેલો હતો.

## વાતવાતમાં

● કાશ્મીરથી કન્યાકુમારી સુધીની સાયકલ યાત્રાએ નીકળેલા ૨૨ સાયકલ સવારો શનિવારે ગાંધીનગર આવી પહોંચશે. જેમને રવિવારે સાયકલ યાત્રા દ્વારા શહેરીજનો ભવ્ય વિદાય આપશે. ગાંધીનગરના ફિઝિયોથેરાપીસ્ટ ડો. અનુપમ પણ કુલ ૪૦ વ્યકિતના કોન્વોય સાથે સતત આ યાત્રાની સાથે રહ્યાં છે.

● બુધવારે રાષ્ટ્રીય પ્રેસ દિનની ઉજવણી ગુજરાત પ્રેસ અકાદમી દ્વારા મીડિયા પ્રતિનિધિઓ માટે પરિસંવાદ યોજી કરવામાં આવી હતી. આ પરિસંવાદમાં 'સંઘર્ષ વિસ્તારનો અહેવાલ મીડિયા માટે પડકાર' વિષયે નિવૃત્ત સંયુકત માહિતી નિયામક નટુભાઈ પરમારે વકતવ્ય આપ્યું હતું.

● ગાંધીનગર જિલ્લાના જિલ્લા આરોગ્ય અધિકારી ડો. દિનેશ જાગાણીને હાલ નાદુરસ્ત તબિયતના કારણે સિવિલ હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં દાખલ કરાયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર ડો. જાગાણીને શ્વાસની તકલીફના કારણે સારવાર અર્થે દાખલ કરાયા છે.

● શહેરની કેટલીક બેંકમાં કેશ ખલાસ થઈ જતા નાગિરકોને એક્ષચેન્જ તથા ગ્રાહકોના પેમેન્ટનું કાર્ય અટકાવી દેવું પડયું હતું. ચલણી નોટો બદલાવવા આવનાર નાગિરકોને સાંજના સમયે નવી કેશ આવી જાય પછી આવવા જણાવાયું હતું.

● મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા બુધવારે પત્રકારો માટે સ્નેહમિલન સમારંભનું આયોજન કરાયું હતું. જેમાં તેમણે મીડિયા કર્મીઓને ૩૨ પકવાન જમાડયા હતા. આ પકવાનોમાં રાજકોટની ચટણી અને સૌરાષ્ટ્રના ભાતીગળ કેરીના અથાણાંનો સમાવેશ કરાયો હતો.

# રવિવારે શહેરમાં 'સાયકલ મહાયાત્રા' યોજાશે

**નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાયકલ યાત્રાને પ્રસ્થાન કરાવશે : એક સાથે ૫ હજાર સાયકલ વીરો આશરે ૧૦ કિમી સાયકલ ચલાવશે એક સાથે ત્રણ સ્થળોએથી પ્રારંભાઈ સે-૨૨ નવરાત્રિ ગ્રાઉન્ડમાં સમાપન થશે : ૨૧ લકી સાયકલવીરોને સાયકલનું ઈનામ અપાશે**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર આગામી તા. ૨૦મી નવેમ્બર રવિવારે સંપૂર્ણ પણે સાયકલમય બની જશે. રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા સાયકલ મહાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલયાત્રાને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ પ્રસ્થાન કરાવશે. આ દિવસે 'કાશ્મીરથી કન્યાકુમારી સાયકલ યાત્રા'ને પણ શહેરમાંથી ભવ્ય વિદાય આપવામાં આવશે. આ સાથે લકી ડ્રો દ્વારા ૨૧ સાયકલવીરોને સાયકલનું ઈનામ આપવામાં આવશે.

ભારત સરકારના શહેરી મંત્રાલય તથા જમ્મુ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે સંયુકત ઉપક્રમે રોટરી કલબ ડિસ્ટ્રીકટ ૩૦૭૦ દ્વારા સ્વચ્છ ભારતના સંદેશ સાથે 'કાશ્મીરથી કન્યાકુમારી' સુધી ૨૨ સાયકલ સવારો સાથે નિકળેલી સાયકલ યાત્રા તા. ૧૯મી નવેમ્બરે ગાંધીનગર ખાતે આવી પહોંચશે. આ મહારેલીનો તા. ૨૦મી નવેમ્બર રવિવારે શહેરના ૫ હજાર સાયકલવીરો માનભેર વિદાય આપશે. સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારતનો સંદેશ ફેલાવવાના હેતુથી નીકળેલી આ રેલીના સંદેશાને સમગ્ર ગાંધીનગર અને ગુજરાતમાં પ્રચાર પ્રસાર કરવા માટે રોટરી કલબ અને મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ શહેરી વિકાસ વિભાગ પ્રયત્નશીલ છે. આ અંતર્ગત તા. ૨૦મી નવેમ્બરે ગાંધીનગરમાં પણ સાયકલ મહાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં શહેરના મેયર, ડેપ્યુટી મેયર સહિત અગ્રણીઓ સાયકલ ચલાવી સામેલ થશે.




**સાયકલ મહાયાત્રામાં જોડાવા સંપર્ક કરો**

રોટરી કલબ ઓફ ગાંધીનગર આયોજિત સાયકલ મહાયાત્રામાં ભાગ લેવા માટે શહેરીજનોએ ફોન નં. ૨૩૨૪૪૧૬૬ પર સવારે ૮ થી ૧૨ અને સાંજે ૪ થી ૬ વાગ્યા દરમિયાન અથવા ચૈતન્ય શુકલને મો.નં. ૯૮૨૫૨૫૦૯૭૫ પર સંપર્ક સાધવા રોટરી કલબ દ્વારા જણાવાયું છે. સ્વાસ્થ્ય, પર્યાવરણ અને સ્વચ્છ ભારત અભિયાન એમ ત્રણ મુદ્દે યોજાનાર આ સાયકલ મહાયાત્રામાં મોટી સંખ્યામાં ભાગ લેવા રોટરી કલબ દ્વારા અનુરોધ કરાયો છે.

ગાંધીનગરમાં આયોજિત 'સાયકલ રોટરી કલબ દ્વારા મહાયાત્રા' રવિવારે સવારે ૮ કલાકેથી શહેરના ત્રણ સ્થળોએથી પ્રારંભ થશે. ખ-૦ સરગાસણ, જ-૭ સેકટર-૩૦ તથા ક-૭ સર્કલથી એક સાથે પ્રારંભ થનાર આ સાયકલ મહાયાત્રાનું સેકટર-૨૨ના નવરાત્રી ગ્રાઉન્ડ ખાતે સમાપન થશે. આ રેલીમાં ગાંધીનગરની શાળાઓ, મહાશાળાઓ, શહેરના યુવાનો-યુવતીઓ તેમજ સિનિયર સિટિઝન પણ જોડાશે. આ પ્રસંગે રોટરી ડિસ્ટ્રીકટ ૩૦૫૧ના ગર્વનર દિનેશભાઈ ઠકકર ખાસ ઉપસ્થિત રહેશે. અહીં લકી ડ્રો દ્વારા પસંદ કરાયેલા ૨૧ સાયકલવીરોને સાયકલનું ઈનામ આપવામાં આવશે. આ સાયકલ મહાયાત્રા 'કાશ્મીરથી કન્યાકુમારી સાયકલ યાત્રા'ના ૨૨ સાયકલ સવારોને માનભેર વિદાય આપશે.

## નભોઈમાં ૧૫ વિઘા જુવારના ખેતરમાં ચાર શખ્સોએ કર્યુ ભેલાણ

**ખેતરનાં કોર્ડનનું લોક તોડી પશુઓ છોડી મૂકતાં પોણા ત્રણ લાખનાં પાકનું નુકશાન**

ગાંધીનગર, તા.૧૬

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં આવેલા પાલડી ગામમાં રહેતા હરેશકુમાર કેતુભાઈ ચૌધરીનું ગાંધીનગર નજીક આવેલ નભોઈ ગામની સીમમાં ૧૫ વિઘાનું ખેતર છે. ખેતરમાં જુવારનું વાવેતર કરવામાં આવલું છે. બે દિવસ પહેલા સમી સાંજે હરેશકુમાર અને તેમના પત્નિ ગીતાબેન ચૌધરી નભોઈ ગમની સીમમાં ખેતરે જુવારનો પાક જોવા ગયા હતા ત્યારે જોયું કે નભોઈ ગામના જ ચાર શખ્સોએ વાવેતર કરેલા ખેતરની વાડનું તાળુ તોડી અંદર તેમના પશુઓ છુટા મુકી દઈ ભેલાણ કરી નાંખ્યું હતું. જુવારના વાવેતરનું પોણા ત્રણ લાખનું નુકશાન કરેલું હોવાથી હરેશકુમારે તે ચારેય શખ્સોને આ બાબતે કહેતા જાનથી મારી નાંખવાની ધમકી હરેશકુમારને આપવામાં આવી હતી. આ મામલે હરેશકુમાર ચૌધરીએ નભોઈનાં રામાજી સેંધાજી ઠાકોર, રણછોડ સંગ્રામ ભરવાડ, કરશન ભરવાડ અને ગોવિંદ ભરવાડ મળી ચાર શખ્સો સામે જાનથી મારી નાંખવાની ધમકી અને ખેતરમાં ભેલાણ કરી પોણા ત્રણ લાખના પાકને નુકશાન કરવા બદલ ફરિયાદ આપતા ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરીને પીએસઆઈ એમ.આર. પટેલે વધુ તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. દિનેશકુમાર ડાહ્યાભાઈ પટેલ, ઉ.વ.૭૨
- સ્વ. પશીબેન આતાજી સોલંકી, ઉ.વ.૭૦
- ગીતાબેન કાનજીભાઈ મહેલ, ઉ.વ.૬૯